GJAM010008842023

આંક–૭૨

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૧–૦૫–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧–૦૫–૨૦૨૩ |
| નિકાલ કર્યા તારીખ | ૧૯–૦૭–૨૦૨૪ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ – ૦૨ – ૧૭ |

Sessions Court, Amreli

**મે.અમરેલી જિલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.અમરેલી.**

**જજમેન્ટ તારીખઃ– ૧૯–૦૭–૨૦૨૪**

**સેશન્સ કેસ નં.૧૩૯/૨૦૨૩**

**અમરેલી રૂરલ પો. સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૭૭૨/૨૦૨૨**
**ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | વિ.એડી.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી |
| આરોપીઓ | **૧. કમલેશભાઈ સ./ઓ. દલુભાઈ હકરાભાઈ સીંગાર,**<br>ઉ.વ.૨૧, ધંધો – મજુરી,<br>રહે.ઉદયગઢ, ઈન્દ્રા કોલોની, તા.જોબટ,<br>જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ.<br>હાલ રહે.શેઢુભાર, ચંદુભાઈ બોદરની વાડીએ, |

| | |
|---|---|
| | તા.જી.અમરેલી.<br>**૨. દિવાન સ./ઓ. રેમસિંહ મુનસીયા મોહનીયા,**<br>ઉ.વ.૨૨, ધંધો – મજુરી,<br>રહે.ઉદયગઢ, હટુ ફળીયા, તા.જોબટ,<br>જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ.<br>હાલ રહે.શેઢુભાર, વિઠ્ઠલભાઈ ગજેરાની વાડીએ,<br>તા.જી.અમરેલી. |
| આરોપીઓ તરફે | વિ.ધારાશાસ્ત્રીશ્રી આર.એસ.ખીમસુરીયા |

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૮/૦૯/૨૦૨૨ થી ૧૯/૦૯/૨૦૨૨ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૯/૦૯/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૨/૨૦૨૩ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૩ |
| પુરાવો લીધા તારીખ | ૨૮/૦૬/૨૦૨૩ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખ | ૧૫/૦૬/૨૦૨૪ |
| જજમેન્ટની તારીખ | ૧૯/૦૭/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | -- |

Sessions Court, Amreli

**આરોપીની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કમલેશભાઈ સ./ઓ. દલુભાઈ હકરાભાઈ સીંગાર | ૨૭/૧૧/૨૦૨૨ | -- | ઈ.પી.કો.કલમ-૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪ મુજબ. | છુટી ગયો | -- | **યુ. ટી. પી.** |
| ૨. | દિવાન સ./ઓ. રેમસિંહ મુનસીયા મોહનીયા | ૨૭/૧૧/૨૦૨૨ | -- | -ઉપર મુજબ- | છુટી ગયો | -- | **યુ. ટી. પી.** |

## **–:: જજમેન્ટ :: –**

(૧)... આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરેલો છે.

(૨)... **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત નીચે મુજબ છેઃ–**

આ કામે ફરિયાદી નાથાભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયા, ઉ.વ.૬૩, ધંધો – ખેતી, રહે.આદેશનગર, અમરેલી રોડ, શિવમ સ્કુલની બાજુમાં, તા.જી. અમરેલી વાળાએ તારીખ ૧૯–૦૯– ૨૦૨૨ નાં રોજ પોલીસ અધિકારી રૂબરૂ આપેલ ફરીયાદની ટુંકમાં હકીકત મુજબ બનાવ તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૦૩:૩૦ વાગ્યે તેમજ તે પહેલા તા.૧૮/૦૯/૨૦૨૨ ના રાત્રી દરમ્યાન કોઈ પણ સમયે ચિતલ મુકામે ફરીયાદીના રહેણાંક મકાને તેમજ ચિતલ ગામે જકાતનાકે આ કામના ફરીયાદી સાહેદોની અલગ અલગ દુકાનોમાં આ કામના આરોપી નં.૧ કમલેશભાઈ સ./ઓ. દલુભાઈ હકરાભાઈ સીગાર તથા આરોપી નં.૨ દિવાન સ./ઓ. રેમસિંહ મુનસીયા મોહનીયાનાઓએ ઘરફોડ ચોરી કરવાનો પોતાનો સમાન ઈરાદો પાર પાડવા, ગુન્હાહીત કાવત્રુ રચી, સાહેદ નં.૨૫ ની વાડીમાં આવેલ ઓરડીનુ તાળુ તોડી તેમાંની વાડીમાં ઉપયોગમાં લેવાતા હથિયાર લોખંડની કુહાડી, સ્ક્રુ ડ્રાઈવર, હથોડી તથા લાકડાનુ બટકુ જેનો ગુન્હો કરવામાં ઉપયોગમાં લેવાના હેતુથી પ્રાણઘાતક હથિયાર હાથમાં ધારણ કરી, ફરીયાદી તથા સાહેદ નં.૧૪ ના રહેણાંક મકાને આવી ફરીયાદી તથા તેના પત્ની/સાહેદ બંને પોતાના ઘરે ગુન્હાવાળી જગ્યાએ રાત્રીના ઓસરીમાં

Sessions Court, Amreli

સુતા હતા ત્યારે તેમના રહેણાંક મકાનની વંડી ટપીને, ફરીયાદીના ઘરમાં કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવાના ઈરાદે રાત્રીના ગે.કા. ગૃહ અપપ્રવેશ કરતા, ફરીયાદી તથા તેના પત્ની સાહેદ જાગી જતા આરોપીઓ લુંટ કરવાના ઈરાદે ફરીયાદીની છાતી ઉપર ચડી પોતાની પાસે રહેલ હથોડીનો એક મરણતોલ ઘા ફરીયાદીના માથામાં મારી દઈ, લુંટ કરવાના ઈરાદે સ્વેચ્છા પુર્વક વ્યથા કરી તથા ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે બીજો ઘા મારવા જતા ફરીયાદી પડખે ફરી જતા તેને ડાબા ખંભાના ભાગે હથોડીનો ઘા વાગેલ, તે દરમ્યાન આરોપીઓએ સાહેદ નં.૧૪ ને ઢીકાપાટુથી માર મારવા લાગેલ, જેથી તેઓ રાડા રાડી કરવા લાગતા, સાહેદ નં.૨૪ પોતાની અગાશી ઉપર ચડી પોતાની વાડી ખેતરના ફરતે આજુબાજુએ બેટરી વડે લાઈટ કરતા પ્રકાશના કારણે આરોપીઓ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી લુંટ કરવાની કોશીષ કરી, ફરીયાદી તથા તેની પત્ની/સાહેદ પાસેથી લુંટ કરવા સમાન ઈરાદો પાર પાડવા સારુ જાનથી મારી નાંખવાના ઈરાદે માર મારી લુંટ કર્યા વગર નાસી જઈ તેમજ તે જ રાત્રીના ઉપરોકત બનાવ પહેલા રાત્રીના સમયે આરોપીઓએ ચિલત ગામે જ જકાતનાકે આવેલા સાહેદ નં.૧૮, ૨૦, ૨૬ તથા ૨૭ ની દુકાનોમાં ચોરી કરવાના ઈરાદે રાત્રીના દુકાનોની છતના ભાગેથી ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરી, સાહેદ નં.૨૭ ની એગ્રોની દુકાનમાંથી રોકડ રૂા.૩૮,૫૦૦/- તથા અકાઈ કંપનીનુ ટી.વી. તથા હાર્ડ ડિસ્ક અને ડી.વી.આર. ની ચોરી કરી, ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોય ફરિયાદીએ તે મતલબની આરોપીઓ સામે ફરિયાદ આપેલ છે.

➢ ફરિયાદીની ફરિયાદના આધારે આરોપીઓ વિરૂધ્ધ **અમરેલી રૂરલ પો. સ્ટે. ગુના રજીસ્ટર નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૭૭૨/૨૦૨૨ થી ઈ. પી. કો. કલમ**

Sessions Court, Amreli

**૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪** મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૩)... ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.આઈ. શ્રી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાઓએ સંભાળેલી અને તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ છે, જરુરી પંચનામાં કરેલ છે, મુદ્દામાલ કબજે લીધેલ છે તેમજ ત્યારબાદ તેઓની બદલી થતા તેઓએ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી કાંટીયા સાહેબને સોંપતા તેઓએ એલ.સી.બી. અમરેલી ધ્વારા અટક કરેલા આરોપીઓને સંભાળેલા તેમજ આરોપીઓની પુછપરછ કરી પંચોને બોલાવી જરુરી પંચનામાં કરી આરોપીઓને જયુડી. કસ્ટડીમાં મોકલી આપેલા તેમજ ત્યારબાદ તેઓને બંદોબસ્તમાં મુકેલા હોય તેઓએ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી લકકડને સોંપતા તેઓ કેસ કાગળોથી વાકેફ થયેલા તેમજ આરોપીઓ રીમાન્ડ ઉપર તેઓની પુછપરછ કરી તેઓના નિવેદનો લીધેલા તેમજ જરુરી પંચનામાં કરી તેમજ સાહેદો તથા ફરીયાદીના નિવેદનો લીધેલ તેમજ તપાસના અંતે જરૂરી પુરાવો મળતાં આરોપીઓ વિરૂધ્ધ ક્રિ. પ્રો.કોડની કલમ ૧૭૩(૨)મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ અમરેલીના વિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેને **ફોજદારી કેસ નં.૧૫૭૦/૨૦૨૩** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪)... સદરહું ચાર્જશીટ અમરેલીના વિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ આવતાં વિ. ટ્રાયલ કોર્ટે આક્ષેપીત ગુનો સેશન્સ ટ્રાયબલ ગુનો હોવાથી આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સની નકલો પુરી પાડી છે અને ક્રિ. પ્રો.

Sessions Court, Amreli

કોડની કલમ ૨૦૯ મુજબ કેસ કમિટ કરી સેશન્સ કોર્ટ અમરેલીને મોકલી આપેલ છે.

(૫)... જે કેસ મળી જતાં મારા પુરોગામી વિદ્વાન સત્ર ન્યાયાધીશશ્રીએ ગુનાનું કોગ્નિઝન્સ લીધેલ છે અને કેસ રજીસ્ટરે લેવા હુકમ કરતાં તેને **સેશન્સ કેસ નં.૧૩૯/૨૦૨૩** આપવામાં આવેલ છે અને આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, હાજર રહેવા સબંધીત ઓથોરીટીને જાણ કરવામાં આવેલ છે.

(૬)... આ કેસમાં ફરિયાદપક્ષ તરફે **વિ.એડી.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદી** હાજર થયેલ છે. જયારે આરોપીઓને સમન્સ બજી જતાં તેઓના કાનુની બચાવ કરવા સારૂ તેઓએ ખાનગી **વિ.ધા.શ્રી આર.એસ.ખીમસુરીયાને** રોકેલ હોય તેઓએ આરોપીઓનો કાનુની બચાવ કરેલ છે.

(૭)... આ કામે મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ **આંક–૦૯** થી આરોપીઓ વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે અને **આંક–૧૦ તથા આંક–૧૧ થી** આરોપીઓની પ્લી નોંધેલ છે. જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવતાં, સમજાવતાં આરોપીઓ તહોમતનામાં નો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે, જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૮)... ફરિયાદપક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:</u>**

Sessions Court, Amreli

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | નાથાભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયા | ફરીયાદી |
| ૨ | રઘુવીરસિંહ અણદુભા સરવૈયા | પંચસાહેદ |
| ૩ | અરવિંદસિંહ ગોવિંદસિંહ બસન | પંચસાહેદ |
| ૪ | વાહીદભાઈ મહંમદભાઈ મલેક | પંચસાહેદ |
| ૫ | અનકભાઈ લોમભાઈ વાળા | પંચસાહેદ |
| ૬ | ચંપાબેન નાથાભાઈ મીરોલીયા | સાહેદ |
| ૭ | દામજીભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયા | સાહેદ |
| ૮ | નરસિંહભાઈ મોહનભાઈ દેસાઈ | સાહેદ |
| ૯ | ગુલુભાઈ જમાલભાઈ જાખરા | પંચસાહેદ |
| ૧૦ | પરેશભાઈ નાનજીભાઈ મહેડા | પંચસાહેદ |
| ૧૧ | ભાવિનભાઈ મનસુખભાઈ વઘાસીયા | પંચસાહેદ |
| ૧૨ | ભાવેશભાઈ પરશોતમભાઈ બાબરીયા | પંચસાહેદ |
| ૧૩ | વિકાસભાઈ ગોપાલભાઈ સાંગાણી | પંચસાહેદ |
| ૧૪ | સવિતાબેન દામજીભાઈ મીરોલીયા | સાહેદ |
| ૧૫ | ગોકળભાઈ મનજીભાઈ મીરોલીયા | સાહેદ |
| ૧૬ | આશિષભાઈ જગદીશભાઈ લીંબાસીયા | સાહેદ |
| ૧૭ | ડો.ચંદ્રાવલીબેન અશ્વિનકુમાર પંડયા | તબીબી સાહેદ |
| ૧૮ | મહેશભાઈ દિનેશભાઈ સરવૈયા | પોલીસ સાહેદ |
| ૧૯ | વિજયકુમાર વશરામભાઈ ગોહીલ | પોલીસ સાહેદ |
| ૨૦ | યશોધર મહેન્દ્રભાઈ જોષી | સાહેદ (મામલતદાર) |
| ૨૧ | પ્રશાંતભાઈ બાબુભાઈ લકકડ | તપાસ કરનાર અધિકારી |
| ૨૨ | ધવલભાઈ ચંદુભાઈ સાકરીયા | પોલીસ સાહેદ |
| ૨૩ | ગંભીરસિંહ નાથુભાઈ કાઠીયા | તપાસ કરનાર અધિકારી |
| ૨૪ | જયદિપભાઈ મહેન્દ્રભાઈ ધાનક | સાહેદ |

- આરોપી પક્ષે બચાવના કોઈપણ સાહેદ તપાસેલ નથી.

Sessions Court, Amreli

Sessions Judge
Amreli.

➢ કોર્ટ વિટનેશ તપાસવામાં આવેલા નથી.

➢ ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**દસ્તાવેજી પુરાવો:**

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરીયાદ |
| ૨ | ૧૬ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩ | ૧૮ | ફરીયાદીની શરીર સ્થિતિનુ પંચનામું |
| ૪ | ૧૯ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ સફેદ કલરનુ અન્ડરવીયર છે તેના પરની કાપલી |
| ૫ | ૨૦ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ બ્લુ કલરનુ નાઈટ પેન્ટ છે તેના પરની કાપલી |
| ૬ | ૨૨ | આરોપીઓની અંગઝડતી તપાસ કર્યાનુ તથા આરોપીઓને અટક કર્યા અંગેનુ પંચનામું |
| ૭ | ૨૮ | આરોપીઓને અટક કર્યાનુ તથા તેમની પાસેથી કબજે લીધેલ મુદ્દામાલની ખરાઈ કર્યા અંગેનુ પંચનામું |
| ૮ | ૩૨ | ડિસ્કવરી પંચનામું |
| ૯ | ૩૫ | ઓળખ પરેડ પંચનામું |
| ૧૦ | ૪૦ | ફરીયાદીની એમ.એલ.સી. યાદી |
| ૧૧ | ૪૧ | ફરીયાદીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૧૨ | ૪૨ | ફરીયાદીની રીફર નોટ, ઓ.પી.ડી. તથા ઈન્ડોર કેસ પેપર્સ તથા સારવારની સમગ્ર ફાઈલ |
| ૧૩ | ૪૩ | સાહેદ ચંપાબેન નાથાભાઈની એમ.એલ.સી. યાદી |
| ૧૪ | ૪૪ | સાહેદ ચંપાબેન નાથાભાઈનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૧૫ | ૪૫ | સાહેદ ચંપાબેન નાથાભાઈનો ઓ.પી.ડી. તથા ઈન્ડોર કેસ પેપર્સ તથા એકસ–રે ફીલ્મ તથા સીટી સ્કેન રીપોર્ટ સહિતની સારવારની સમગ્ર ફાઈલ |
| ૧૬ | ૪૮ | સી.આર.પી.સી. કલમ – ૪૧(૧)(ડી) મુજબનો રીપોર્ટ |

Sessions Court, Amreli

| | | |
|---|---|---|
| ૧૭ | ૫૦ | આરોપીઓની ઓળખ પરેડ કરવા બાબત કરેલ યાદી |
| ૧૮ | ૫૩ | કોલ ફોર્મ |
| ૧૯ | ૫૪, ૫૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૦ | ૫૬ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૨૧ | ૫૭ | મોબાઈલ કોલ ડિટેઈલ્સ મેળવવા માટે કરેલ યાદી |
| ૨૨ | ૫૮ | મોબાઈલ ટાવર ડમ્પ (એનેક્ષર–૫) |
| ૨૩ | ૫૯, ૬૧ | મુદ્દામાલ મળ્યા બદલની પાવતી |
| ૨૪ | ૬૦ | કબજે લેવાયેલ મુદ્દામાલનુ પૃથ્થકરણ કરી અભિપ્રાય સર્ટી આપવા બાબત કરેલ યાદી |
| ૨૫ | ૬૩ | ફોરવર્ડીંગ લેટર સહિતનો ડી.એન.એ. રીપોર્ટ |
| ૨૬ | ૬૪ | એફ.એસ.એલ. સર્ટી સંભાળી લેવા બાબત કરેલ યાદી |
| ૨૭ | ૬૫ | એફ.એસ.એલ. જુનાગઢનો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ |
| ૨૮ | ૬૬ | ડેપ્યુટ હુકમ |
| ૨૯ | ૭૦ | લેટરપેડ ઉપરનુ લખાણ |

➢ મટીરીયલ ઓબ્જેક્ટસ

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧ | અન્ડરવીયર | એક સફેદ કલરનુ અન્ડરવીયર ગોળ ગળાનુ ટુંબી બાયનુ જેમાં ગળાની થોડે નીચે ચોર ઈંચના ઘેરામાં લોહી જેવા મરૂણ કલરનુ ધાબુ છે જેની આજુબાજુમાં પણ છુટા છવાયા લોહી જેવા મરૂણ કલરના ધાબા નાના નાના છે જે અન્ડર વીયર એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૨ | નાઈટ પેન્ટ | એક બ્લ્યુ કલરનુ નાઈટ પેન્ટ જેની બંને બાજુ ચેઈન વાળા ખીસ્સા આવેલ છે તેમજ ડાબા ખીસ્સાની નીચે એક કાળા સ્ટીકરમાં ''SD'' લખેલ છે જે પેઈન્ટ એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૩ | કોટન થ્રેડ | ગુનાવાળી જગ્યાએ લાકડાના પાયાવાળા ખાટલાના પાયા નજીક માર્બલ લાદી ઉપર આશરે એક ઈંચના ઘેરાવામાં લાલ કલરનુ લોહી જેવુ ટીપુ પડેલ હોય જેની ઉપર કોટન થ્રેડ ઘસી લઈ એક કાપડની |

Sessions Court, Amreli

| | | |
|---|---|---|
| | | બેગીમાં સીલબંધ કરેલ છે તે |
| ૪ | ગાદલાનુ કવર | ગુનાવાળી જગ્યાએ એક સફેદ ગાદલાનુ કવર જેના એક તરફના ભાગે છુટા છવાયા લોહી જેવા લાલ રંગના સુકાઈ ગયેલ ડાઘાઓ જોવામાં આવે છે તે ગાદલાનુ કવર એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૫ | કોટન થ્રેડ | ગુનાવાળી જગ્યાએ લોખંડના પાયાવાળા ખાટલાની ઉતરે સફેદ માર્બલ પર પાંચેક ઈંચના ઘેરાવામાં છુટા ત્રણ લાલ કલરના લોહી જેવા દેખીતા ટીપા પડેલ હોય જેના પર કોટન થ્રેડ ઘસી લઈ જે કોટન થ્રેડ કાપડની બેગીમાં સીલબંધ કરેલ છે તે |
| ૬ | કોટન થ્રેડ | એક કંટ્રોલ સેમ્પલ કોરૂ કોટન થ્રેડ કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૭ | ડીસમીસ/સ્ક્રુ ડ્રાઈવર | એક ડીસમીસ/સ્ક્રુ ડ્રાઈવર આશરે એક ફુટ લંબાઈનુ વચ્ચેના ભાગે પીળુ પ્લાસ્ટીકનુ કવર ચડાવેલ તેમજ જાંબલી કલરનો હાથો છુટો છે જે હાથા પર અંગ્રેજીમાં USHA TOOLS લખેલ છે જે ડીસમીસ તથા હાથો એક પ્લાસ્ટીકની બેગીમાં છે તે |
| ૮ | લોખંડની હથોડી | એક લોખંડની હથોડી આશરે સવા ફુટની લંબાઈ વાળી માથાના ભાગે એક બાજુ ખીલી કાઢવા માટેનો ખાચો જે માથાના ભાગે લાલ જેવા ચમકીલા છુટા છવાયા જીણા ડાઘ જોવામાં આવે છે જે લાંખડની હથોડી એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૯ | વાંસનુ બટકુ | એક વાંસનુ બટકુ આશરે દોઢેક ફુટની લંબાઈ વાળુ બે કાતળી વાળુ જેની એક તરફના ખુણે ગાંઠ નજીક બે લોહી જેવા સુકાઈ ગયેલ ટપકા જોવામાં આવે છે જે વાંસનુ બટકુ એક કાપડની બેગીમાં સીલબંધ છે |
| ૧૦ | પકડ | એક લીલા કાળા હાથાવાળુ પકડ જે પ્લાસ્ટીકની બેગીમાં છે તે |
| ૧૧ | બીડીનુ ઠુઠુ | એક બીડીનુ ઠુઠુ જે કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૧૨ | બીડીનુ ઠુઠુ | એક બીડીનુ ઠુઠુ જે કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૧૩ | માટી | થુંકવાળી માટીનો નમુનો જે એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૧૪ | માટી | થુંકવાળી માટીનો નમુનો જે એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૧૫ | માટી | થુંકવાળી માટીનો નમુનો જે એક કાપડની બેગીમાં સીલબંધ છે તે |
| ૧૬ | ટી.વી. | એક ટી.વી. AKAI કંપનીનુ ફોટ જે આશરે સવા ફુટની લંબાઈ પહોળાઈ જેના નીચેના ભાગે AKAI લખેલ તથા મેનુમાં ઓપ્શન લખેલ છે તે પાવર કેબલ સાથેની ટી.વી છે તે |
| ૧૭ | તેલનો ડબ્બો | એક તેલનો ડબ્બો જોતા નં-૧૧ બ્રાન્ડનો શિંગતેલનો તથા N.K.PROTEINS લખેલ છે તે ડબ્બા ઉપરથી તોડેલ જેમાં એક કિલો જેટલુ તેલ છે તે |

Sessions Court, Amreli

(૯)... ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઈ જતાં વિ. એડી.પી.પી.શ્રીએ ક્લોઝીંગ પુરશીસ આંક–૭૧ થી આપેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનું અને આવો કોઈ ગુન્હો તેઓએ આચરેલ નથી તથા ફરીયાદપક્ષને તેઓએ કે તેઓએ ફરીયાદપક્ષના સાહેદોને જોયેલ નથી તથા પોલીસે અગાઉ જ કોઈ પણ રીતે તેઓને બતાવીને ખોટુ ઓળખ પંચનામું કરેલ છે તથા ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. આમ એવું જણાઈ આવે છે કે, આરોપીઓનો ટોટલ ડીનાયલનો ડીફેન્સ રહેલો છે.

(૧૦)... આ કામે બંને પક્ષની દલીલો માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

**(૧૦.૧)** આ કામે **ફરિયાદપક્ષ** તરફે **વિ.એડી.પી.પી.શ્રી એમ.આર.ત્રિવેદીએ** દલીલો કરતાં જણાવેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૯ થી ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જે સંદર્ભે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા કુલ ૨૪ સાહેદોનો મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ થયેલ છે તે જોવામાં આવે તો આ કામના આરોપીઓએ ઘરફોડ ચોરી કરવાનો પોતાનો સમાન ઈરાદો પાર પાડવા, ગુન્હાહીત કાવત્રુ રચી, સાહેદ નં.૨૫ ની વાડીમાં આવેલ ઓરડીનુ તાળુ તોડી તેમાંની વાડીમાં ઉપયોગમાં લેવાતા હથિયાર લોખંડની કુહાડી, સ્ક્રુ ડ્રાઈવર, હથોડી તથા લાકડાનુ બટકુ જેનો ગુન્હો કરવામાં ઉપયોગમાં લેવાના હેતુથી પ્રાણઘાતક હથિયાર હાથમાં ધારણ કરી, ફરીયાદી

Sessions Court, Amreli

તથા સાહેદ નં.૧૪ ના રહેણાંક મકાને આવી ફરીયાદી તથા તેના પત્ની/સાહેદ બંને પોતાના ઘરે ગુન્હાવાળી જગ્યાએ રાત્રીના ઓસરીમાં સુતા હતા ત્યારે તેમના રહેણાંક મકાનની વંડી ટપીને, ફરીયાદીના ઘરમાં કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવાના ઈરાદે રાત્રીના ગે.કા. ગૃહ અપપ્રવેશ કરતા, ફરીયાદી તથા તેના પત્ની સાહેદ જાગી જતા આરોપીઓ લુંટ કરવાના ઈરાદે ફરીયાદીની છાતી ઉપર ચડી પોતાની પાસે રહેલ હથોડીનો એક મરણતોલ ઘા ફરીયાદીના માથામાં મારી દઈ, લુંટ કરવાના ઈરાદે સ્વેચ્છા પુર્વક વ્યથા કરી તથા ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે બીજો ઘા મારવા જતા ફરીયાદી પડખે ફરી જતા તેને ડાબા ખંભાના ભાગે હથોડીનો ઘા વાગેલ, તે દરમ્યાન આરોપીઓએ સાહેદ નં.૧૪ ને ઢીકાપાટુથી માર મારવા લાગેલ, જેથી તેઓ રાડા રાડી કરવા લાગતા, સાહેદ નં.૨૪ પોતાની અગાશી ઉપર ચડી પોતાની વાડી ખેતરના ફરતે આજુબાજુએ બેટરી વડે લાઈટ કરતા પ્રકાશના કારણે આરોપીઓ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી લુંટ કરવાની કોશીષ કરી, ફરીયાદી તથા તેની પત્ની/સાહેદ પાસેથી લુંટ કરવા સમાન ઈરાદો પાર પાડવા સારુ જાનથી મારી નાંખવાના ઈરાદે માર મારી લુંટ કર્યા વગર નાસી જઈ તેમજ તે જ રાત્રીના ઉપરોકત બનાવ પહેલા રાત્રીના સમયે આરોપીઓએ ચિલત ગામે જ જકાતનાકે આવેલા સાહેદ નં.૧૮, ૨૦, ૨૬ તથા ૨૭ ની દુકાનોમાં ચોરી કરવાના ઈરાદે રાત્રીના દુકાનોની છતના ભાગેથી ગુપ્ત ગૃહ અપ પ્રવેશ કરી, સાહેદ નં.૨૭ ની એગ્રોની દુકાનમાંથી રોકડ રૂ.૩૮,૫૦૦/- તથા અકાઈ કંપનીનુ ટી.વી. તથા હાર્ડ ડિસ્ક અને ડી.વી.આર. ની ચોરી કરી, ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરેલ હોય જે બાબતની ફરીયાદ ફરીયાદીએ આપેલ છે અને આંક-૧૩ થી જે મૌખીક પુરાવો

Sessions Court, Amreli

આપેલ છે તેમા પણ બનાવને લગતી સમર્થનકારક અને વિગતવાર હકીકતો જણાવેલ છે. આ કામે ફરીયાદી તે બનાવમાં ઈજા પામનાર છે અને કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ ઈજા પામનાર સાહેદનો પુરાવો ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. હાલના કેસમા ફરીયાદીએ બનાવને સંલગ્ન પુરાવો આપેલ હોય ફરીયાદપક્ષનો કેસ સફળતાપુર્વક પુરવાર થયેલ છે.

➢ વિ.એડી.પી.પી.શ્રીએ વધુ દલીલ કરતાં એવું જણાવેલ છે કે, ફરીયાદપક્ષના સાહેદ નં.૨૦ તરીકે ઓળખપરેડ કરનાર મામલતદારશ્રી યશોધર મહેન્દ્રભાઈ જોષીનો પુરાવો લેવામાં આવેલ છે અને તેઓના પુરાવા મુજબ હાલના આરોપીઓને ફરીયાદીના પત્ની સાહેદ ચંપાબેને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ છે. આમ, ફરીયાદપક્ષ તરફે આરોપીઓની ઓળખ પણ પ્રસ્થાપીત કરવામાં આવેલ છે. ફરીયાદીના પુરાવા થકી આરોપીઓની હાજરી અને બનાવમાં સંડોવણી રેકર્ડ પર આવેલ છે તેમજ ત.ક.અ. શ્રીએ તપાસના કામે જે પંચનામાઓ કરેલ છે તે પણ ધોરણસરના પુરવાર થયેલ છે અને તેથી પણ ફરીયાદપક્ષનો કેસ સાબીત થયેલ છે. આમ, ફરિયાદી તથા સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદની હકીકતોને સંપુર્ણ સમર્થન કરેલ છે. વધુમાં આ કામના અન્ય સાહેદોનો પુરાવો થયેલ છે તે વંચાણે લેતાં તેઓએ વિગતવારનો સમર્થનકારક પુરાવો આપેલ છે અને તેથી આરોપીઓની ગુનાહિત કૃત્યમાં સંડોવણીનો સીધો પુરાવો રેકર્ડ ઉપર આવે છે. તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની સંપુર્ણ તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય ચાર્જશીટ કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે પુરવાર કરેલ

Sessions Court, Amreli

હોય આરોપીઓને દોષીત ઠરાવી કાયદામાં પ્રસ્થાપિત થયેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦.૨) જયારે **બચાવપક્ષે** વિ.વકીલશ્રી **આર.એસ.ખીમસુરીયાની** દલીલો છે કે, ફરીયાપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીઓ ઉપર ફરમાવ્યા મુજબનો ચાર્જ પુરવાર થાય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી.

- બચાવપક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ત.ક.અ.શ્રીએ આરોપીઓની ઓળખપરેડ માટે મામલતદારશ્રી રૂબરૂ ઓળખ પરેડનું પંચનામુ કરાવડાવેલ છે તેમજ ફરીયાદીના પત્ની સાહેદ ચંપાબેને આરોપીઓને મામલતદારશ્રી રૂબરૂના ઓળખ પરેડના પંચનામાં દરમ્યાન ઓળખી બતાવેલ છે. જયારે સાહેદ ચંપાબેનના પુરાવામાં આરોપીઓને પોલીસે અગાઉ બતાવેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આમ, ઓળખ પરેડના પંચનામાંના આધારે જે આરોપીઓની ઓળખ કરવાની હોય તે સાહેદોને પોલીસ અગાઉથી આરોપીઓની ઓળખાણ કરાવી દયે તેવા સંજોગોમાં ઓળખ પરેડનું પંચનામું તેનું પુરાવાકીય મુલ્ય ગુમાવી દે છે અને આવા સંજોગોમાં ઓળખ પરેડ નિરર્થક બને છે અને માનવાલાયક જણાતી નથી.
- બચાવપક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે અપુરતો હોવાથી માનવાલાયક ન હોવાની ભારપુર્વક રજુઆત બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ કરેલ છે. આમ, હાલના કેસમાં આરોપીઓએ ગુનો કરેલ હોવાનું

Sessions Court, Amreli

નિઃશંકપણે જણાઈ આવતું ન હોઈ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૧)... ઉભય પક્ષની દલીલો સાંભળતાં અને રેકર્ડ તેમજ પુરાવો ધ્યાને લેતાં કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૦૩:૩૦ વાગ્યે તેમજ તે પહેલા તા.૧૮/૦૯/૨૦૨૨ ના રાત્રી દરમ્યાન કોઈ પણ સમયે ચિતલ મુકામે ફરીયાદીના રહેણાંક મકાને તેમજ ચિતલ ગામે જકાતનાકે સાહેદોની અલગ અલગ દુકાનોમાં આરોપી નં. ૧ તથા આરોપી નં.૨ નાએ ઘરફોડ ચોરી કરવાનો પોતાનો સમાન ઈરાદો પાર પાડવા, ગુન્હાહીત કાવત્રુ રચી, સાહેદ નં.૨૫ ની વાડીમાં આવેલ ઓરડીનુ તાળુ તોડી હથિયાર લોખંડની કુહાડી, સ્ક્રુ ડ્રાઈવર, હથોડી તથા લાકડાનુ બટકુ જેવા પ્રાણઘાતક હથિયાર હાથમાં ધારણ કરી, ફરીયાદી તથા સાહેદ નં.૧૪ ના મકાને આવી ફરીયાદી તથા તેના પત્ની બંને પોતાના ઘરે રાત્રીના ઓસરીમાં સુતા હતા ત્યારે તેમના રહેણાંક મકાનની વંડી ટપીને, ફરીયાદીના ઘરમાં ગે.કા. ગૃહ અપપ્રવેશ કરી, ફરીયાદી તથા તેના પત્ની જાગી જતા આરોપીઓ લુંટ કરવાના ઈરાદે ફરીયાદીની છાતી ઉપર ચડી પોતાની પાસે રહેલ હથોડીનો એક ઘા ફરીયાદીના માથામાં મારી દઈ, સ્વેચ્છા પુર્વક વ્યથા કરી તથા ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે બીજો ઘા મારવા જતા ફરીયાદી પડખુ ફરી જતા તેને ડાબા ખંભાના

Sessions Court, Amreli

ભાગે હથોડીનો ઘા વાગેલ, તે દરમ્યાન આરોપીઓએ સાહેદ નં. ૧૪ ને ઢીકાપાટુથી માર મારતા તેઓ રાડા રાડી કરવા લાગતા, સાહેદ નં.૨૪ પોતાની અગાશી ઉપર ચડી આજુબાજુએ બેટરી વડે લાઈટ કરતા પ્રકાશના કારણે આરોપીઓ લુંટ કર્યા વગર નાસી જઈ તેમજ સાહેદ નં.૧૮, ૨૦, ૨૬ તથા ૨૭ ની દુકાનોમાં ચોરી કરવાના ઈરાદે રાત્રીના દુકાનોની છતના ભાગેથી ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરી, સાહેદ નં.૨૭ ની એગ્રોની દુકાનમાંથી રોકડ રૂા.૩૮,૫૦૦/- તથા અકાઈ કંપનીનુ ટી.વી. તથા હાર્ડ ડિસ્ક અને ડી.વી.આર. ની ચોરી કરી, ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, **ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે.?

(૨) શું હુકમ ?

(૧૨)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**-: નિ ર્ણ યો :-**

(૧) **નકારમાં**

(૨) **આખરી હુકમ મુજબ**

(૧૩)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ અને ૨ સાથે.**

(૧૪)... આ કામે બંને મુદ્દાઓ સંબંધેનો પુરાવો પારસ્પરિક સંકળાયેલ હોવાથી સરળતા અને સુગમતા ખાતર અને પુનરાવર્તન દોષ નિવારવા સારૂ બંને મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

Sessions Court, Amreli

(૧૫)... ફરિયાદપક્ષ તરફે આ કામે રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરીએ તો ક્રિમીનલ ટ્રાયલનો સિધ્ધાંત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત સાબિત કરવો પડે અને તહોમતદાર સામે આક્ષેપાયેલ તહોમત પુરવાર ન થાય ત્યાંસુધી તેને નિર્દોષ ગણવો જોઈએ. તહોમતદારને નિર્દોષતા સાબિત કરવાની જરૂર નથી અને ફરિયાદપક્ષે તહોમતદાર સામે કેસ સાબિત કરવા બચાવપક્ષની નબળાઈને ધ્યાનમાં લેવાની નથી. ટ્રાયલ કોર્ટે પુરાવાનું મુલ્યાંકન દરેક કેસમાં અલગ અલગ રીતે કેસમાં પડેલ પુરાવા ઉપરથી જ કરવાનું હોય છે. પુરાવાની માત્રા, પુરાવાની ગુણવત્તા એ પ્રકારની તથા એ કક્ષાની હોવી જોઈએ કે ગુન્હો નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર થાય, કારણ કે ગુનો નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ પર છે તથા તે બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી.

(૧૫.૧)... નામ. સુપ્રીમ કોર્ટે **એ.આઈ.આર. ૧૯૭૩ સુપ્રીમ કોર્ટ ૨૭૭૩ કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી.** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, તહોમતદારને ખોટી સજા કરવી તે અનિચ્છનીય છે તેનાથી ન્યાય પ્રણાલી પર લોકોનો વિશ્વાસ ડગી જાય છે. નિર્દોષ વ્યકિતને ખોટી સજા કરવામાં આવે તો તેના પરીણામો ખુબ જ ગંભીર થતા હોય છે અને સમાજમાં તેની વિપરીત અસરો પડતી હોય છે. તે હકીકત ધ્યાનમાં રાખી, શકય હોય ત્યાં સુધી નિર્દોષ વ્યકિતને ખોટી સજા કરવી જોઈએ નહી. ફોજદારી ન્યાય પ્રણાલીમાં નિર્દોષ વ્યકિતને સજા થઈ શકે તેવું જોખમ હમેશા રહેલ હોય છે. પરંતુ બને ત્યાં સુધી આ જોખમ ઓછુ થવુ જોઈએ.

(૧૬)... નામ.સુપ્રિમકોર્ટના વિવિધ ચુકાદાઓથી એ પ્રસ્થાપિત થઈ ચુકેલ છે કે, ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા હોય તો તેનો લાભ આરોપીને આપવાનો થતો હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સુવર્ણ સિધ્ધાંતો મુજબ

Sessions Court, Amreli

આરોપી સામેનો કેસ શંકારહિત, સચોટ અને સંપુર્ણ પુરાવો રજુ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનો હોય છે. જયાં સુધી આરોપી દોષીત સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. આમ, પાયાના આ તમામ સિધ્ધાંતોને નજર મધ્યે રાખીને હવે પછી ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૭)... કાયદાની ઉપરોકત પરિસ્થિતીને અનુલક્ષીને રેકર્ડ ઉપર આવેલ પુરાવો મુલવવામાં આવે તો, હાલના કામે રેકર્ડ પર જે પુરાવો આવેલ છે જે જોવામાં આવે તો, આંક–૧૪ થી ફરીયાદ રજુ થયેલ છે. જે મુજબ **ફરીયાદી નાથાભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયા (સાહેદ નં.૧, આંક–૧૩)** નાઓએ તેમની સરતપાસ દરમ્યાન આંક–૧૪ ની ફરીયાદને સંલગ્ન પુરાવો આપી ફરીયાદી તેમના મૌખીક પુરાવા દરમ્યાન સરતપાસના પેરા– ૨ માં એવી હકીકત જણાવે છે કે,

*''આ બનાવ ૧૯/૦૯/૨૦૨૨ ના રોજ રાત્રીના સાડા ત્રણેક વાગ્યે મારા ઘરે બનેલો. તે વખતે હુ તથા મારા પત્નિ વાળુ પાણી કરીને રાત્રીના અમારા ઘરની ઓસરીમાં ખાટલા ઉપર સુતા હતા. તેમાં લોખંડના ખાટલા ઉપર હુ સુતો હતો અને લાકડાના ખાટલા ઉપર મારા ઘરના સુતા હતા. તે વખતે રાત્રીના સાડા ત્રણેક વાગ્યે ડેલી ઠેકીને ત્રણ જણા મારા ઘરમાં આવેલા. હુ ગોદડુ ઓઢીને સુતો હતો ત્યારે મને છાતીથી દબાવી દીધેલો અને એક હથોડીનો ઘા માથાના ડાબી સાઈડે કાન ઉપર મારેલો. ત્યારબાદ બીજો ઘા મારવા જતા હુ મોઢુ ફેરવી જતા મને મારા ડાબા ખંભે ઘા વાગેલ. ત્યારબાદ મારા પત્નિને ખાટલા ઉપરથી નીચે ઓસરીમાં ઢસડી અને તેના વાળ ખેંચી લીધેલા. મારા પત્નિને હથોડી માથામાં મારેલી અને બીજી હથોડી મારવા જતા મારા પત્નિના ડાબા હાથનાં હથેળી મારેલી જેથી ફ્રેકચર થયેલ. તે વખતે હુ તથા મારા પત્નિ રાડા રાડ*



Sessions Court, Amreli

*કરવા લાગતા આજુબાજુના માણસો જાગી જતા અને બેટરીનો પ્રકાશ ફેંકતા આ ત્રણેય ઈસમો વંડી ઠેકી ભાગી ગયેલા અને આજુબાજુના માણસો ભેગા થઈ મારા ઘરે આવેલા. મને માથાના ડાબા ભાગે વાગેલ તેમાંથી લોહી નીકળતુ હતું અને મારા પત્નિને પણ લોહી નીકળેલુ. ત્યારબાદ મારા પાડોશીઓ મને ચિતલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા પ્રથમ સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં અમારી પ્રાથમિક સારવાર આપેલ અને ત્યાં મને માથામાં ડાબી બાજુ ચાર ટાંકા લીધેલા અને મને ખંભામા વાગેલુ તેની પ્રાથમિક સારવાર ત્યાં કરેલી. પ્રાથમિક સારવાર મને એકલાને ચિતલ દવાખાને આપેલી અને ત્યારબાદ ૧૦૮ આવી જતા તેમાં મને તથા મારા પત્નિને અમરેલી સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલા અને ત્યાં અમો બંનેને અંદરના દર્દી તરીકે દાખલ કરેલા અને ત્યાં મને બાટલો ચડાવેલો. મારા પત્નિે ડાબા કાંડાનુ ફ્રેકચર આવતા તેને ફ્રેકચરનો પાટો ૨૦ દિવસ માટે બાંધેલો. અમને એક દિવસ અંદરના દર્દી તરીકે સિવીલ હોસ્પિટલમાં સારવાર આપેલી અને ત્યાં પોલીસ આવેલી અને મે મારી ફરીયાદ આપેલી. ''*

વધુમાં ફરીયાદી સરતપાસના પેરા-૩ માં એવી હકીકત જણાવે છે કે,

*''મને માર્ક ૮/૩ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે મે દવાખાનામાં ફરીયાદ આપેલી તે જ છે તેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ અને તેમાં લખેલી હકીકત ખરી છે જેને રજુ દાખલ **<u>આંક-૧૪</u>** આપવામાં આવે છે.''*

વધુમાં ફરીયાદી સરતપાસના પેરા-૪ માં એવી હકીકત જણાવે છે કે,

*''પોલીસ ત્યારબાદ મારા ઘરે બે-ત્રણ વખત આવેલી અને તેઓએ કાર્યવાહી કરેલી. ત્યારબાદ ૧૫ થી ૨૦ દિવસ બાદ પોલીસ આજરોજ કોર્ટમાં*

Sessions Court, Amreli

*હાજર બંને તહોમતદારોને મારા ઘરે લઈને આવેલા ત્યારે તેઓએ પોલીસની રુબરુમાં મારા ઘરે ચોરી અને લુંટ કરવા માટે આવેલાની હકીકત કબુલ રાખેલી અને મને તથા મારા પત્નિને હથોડી માર્યાની હકીકત પોલીસ રુબરુમાં જણાવેલી. ત્યારબાદ પોલીસે મારી કોઈ વધારાની પુછપરછ કરેલ નથી. આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓએ પોલીસ રુબરુ જે તે સમયે અમને તેમના નામ–ઠામ જણાવેલા પરંતુ હાલ યાદ નથી.''*

(૧૭.૧)... આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટતપાસ લીધેલ છે. જેમાં ફરીયાદી તેમની આજુબાજુમાં બીજા રહેણાંક મકાન આવેલ હોવાનુ તથા કહેવાતા બનાવ સમયે તેઓ તથા તેમના પત્ની હાજર હતા અને પોલીસે તેઓને જણાવેલ કે આ જ આરોપીઓ હતા જેથી તેમને ખબર પડેલ હોવાનુ કબુલ રાખે છે.

(૧૮)... વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી તથા ફરીયાદીના પત્ની બનાવ સમયે ઘરે હાજર હતા તે સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો **સાહેદ ચંપાબેન નાથાભાઈ મીરોલીયા (સાહેદ નં.૬, આંક–૨૪)** નાઓ તેમની સરતપાસના પેરા–૧ માં એવી હકીકત જણાવે છે કે,

*''મારે સંતાનમાં બે દિકરા છે જેમા સૌથી મોટા મહેશ તેના લગ્ન થઈ ગયેલ છે અને તેનાથી નાનો નરેશભાઈ જે જેના પણ હાલ લગ્ન થઈ ગયેલ છે. મારે ૨૦ વીઘા ખેતીની જમીન ચિતલની સીમમાં શેડુભારના માર્ગે આવેલ છે. ગઈ તારીખ ૧૮/૦૯/૨૦૨૨ ના રોજ હુ તથા મારા પતિ જમી–ખાઈને રાત્રીના અમારા ઘરની ઓસરીમાં સુતા હતા અને રાત્રીના આશરે ત્રણેક વાગ્યે હુ અને મારા પતિ સુતા હતા તે વખતે અચાનક કોઈએ મારા માથામાં ઘા કરતા મે ચિસ પાડેલી જેથી મારા પતિએ એકદમ કોણ છે તેમ કહીને રાડ પાડેલી જેથી આ અજાણ્યા ત્રણ માણસો હતા જે પૈકી એકએ તેને પણ ખાટલામા દબાવી*



Sessions Court, Amreli

દીધેલા અને એક એ મને માથામા મારેલ હોય ત્યાં મે આડો હાથ રાખતા ત્યાં હથોડી મારેલી જેથી મને હાથમા ફ્રેકચર આવેલુ અને મારા પતિને ડીસમીસનો ઘા મારેલ હોય અને વાગેલ હતુ જેથી તેને ત્યાં ટાંકા આવેલ હતા અને આ વખતે હુ ઉભી થવાનો પ્રયત્ન કરતા અજાણ્યા માણસે મને ધકકો મારતા હુ ખાટલામાથી પડી ગયેલ અને મે તે માણસનો પગ પકડી લીધેલો અને તે પગ તે માણસે છોડાવતા મે તેનો બીજો પગ પકડી લીધેલો અને ત્યારબાદ તે બધા દોડીને દાદરા ચડી ગયેલા અને અમે રાડા–રાડ કરવા લાગેલા અને પછી બાજુમાં રહેતા મારા દિયર દામજીભાઈના ઘરે હુ ગયેલી. મારા પતિને વાગેલ હોય તે ત્યાં પડેલ હતા અને મારા દિયર દામજીભાઈ ત્યાં આવેલા અને આ દરમ્યાન અમારી સામે રહેતા દેસાઈભાઈ અમો રાડો–રાડ કરતા તેને થયેલ કે રોઝડા આવ્યા હશે જેથી તેણે અમારા ઉપર બેટરી મારતા તે બેટરીની લાઈટ અમારા ફળીયામા આવતા આ લોકોને થયેલ કે માણસો જાગી ગયેલ છે જેથી તે ત્રણેય જણ અમારા ઘરેથી ભાગી ગયેલા અને મારા દિયર દામજીભાઈ, તેની પત્નિ સવિતાબેન, હરેશભાઈ, ભાવેશભાઈ અને તેના પત્નિ દયાબેન તથા સુમીબેન તે બધા માણસો ભેગા થઈ ગયેલા. ત્યારબાદ અમારી ઓસરીમાં ડીસમીસ, હથોડી, ઈંટનુ બટકુ (ઈંટોડો), લાકડાનો બડીયો અને પાવડો એવુ બધુ અમારા ફળીયામાં અમે સુતા હતા તે જગ્યાએ પડેલ હતુ. મને અને મારા પતિને ઈજા થવાના કારણે ચિતલ સરકારી દવાખાને સારવારમા લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં લાવેલ હતા. મને માથાના ભાગે અને જમણા હાથે ઈજા થયેલ હતી તેમા સીટીસ્કેન કરાવેલુ તેમા મારા જમણા હાથે ફ્રેકચર હતુ અને મારા પતિની સારવાર પણ કરેલી. મારા પતિએ આ બાબતે જે તે સમયે ફરીયાદ આપેલી હતી અને પોલીસે મારી પુછ પરછ કરેલી અને મે મારુ નિવેદન નોંધાવેલુ. ''

Sessions Court, Amreli

વધુમાં આ સાહેદ સરતપાસના પેરા–૨ માં એવી હકીકત જણાવે છે કે,

*''ત્યારબાદ આરોપીઓ પકડાયેલ હતા તે વખતે અમને પોલીસ કચેરીએ બોલાવેલા અને ત્યાંથી મામલતદાર સાહેબ પાસે લઈ ગયેલા અને ત્યાં અમે આરોપીઓને ઓળખાવેલા. ''*

વધુમાં આ સાહેદ સરતપાસના પેરા–૩ માં એવી હકીકત જણાવે છે કે,

*''આરોપીઓને જોયેથી ઓળખુ છુ જે પૈકી બે જણા આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે. અમોને ઈજા કરવામાં આવેલ તે ડીસમીસ તથા હથોડી બતાવવામાં આવે તો ઓળખી શકુ. મને મુદ્દામાલ પાવતીમાથી આર્ટીકલ નં.૭ વાળુ ડીસમીસ તથા આર્ટીકલ નં.૮ વાળી હથોડી તથા આર્ટીકલ નં.૯ વાળુ વાંસનુ બટકુ અને આર્ટીકલ નં.૧૦ વાળુ પકડ બતાવવામાં આવે છે જે બનાવ વખતે બનાવવાળી જગ્યાએ પડેલ હતા તે જ હથિયારો છે તે હુ ઓળખી બતાવુ છુ. ''*

(૧૮.૧)... આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટતપાસ લીધેલ છે. જેમાં આ સાહેદ કહેવાતા અજાણ્યા ઈસમોએ તેમના મોઢા પર રુમાલ બાંધેલ હતા, તેઓ સુતા હતા ત્યારે લાઈટ બંધ કરેલ હતી, તેઓ નંબરના ચશ્મા પહેરે છે અને સુતા સમયે બનાવના દિવસે ચશ્મા કાઢી નાંખેલ હતા, પોલીસે આરોપીઓને પકડયા ત્યારે તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા, આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલી, પોલીસ આરોપીઓને તમના ઘરે પણ લાવેલી ત્યારે પણ તેમને આરોપીઓ બતાવેલ હોવાની હકીકત કબુલ રાખે છે.

Sessions Court, Amreli

(૧૮.૨)... આમ, ફરીયાદીનો ઉપરોકત પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ તેમની સરતપાસમાં તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદીનો પુરાવો જોતા પણ તેમાં હાલના આરોપીઓના કોઈ નામ પણ જણાય આવતા નથી. વધુમાં આંક–૧૪ વાળી ફરીયાદમાં પણ બનાવ વખતે રાત્રીનો સમય હોય અને તેમના ઘરની લાઈટ બંધ હોવાના કારણે ચોરી કરવા આવેલ ઈસમોના ચહોરા જોઈ શકાયેલ ન હતા તે મુજબની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદીના પુરાવા પરથી હાલના આરોપીઓએ જ આંક–૧૪ વાળી ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકત માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં પણ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓને જણાવેલ કે આ જ આરોપીઓ હતા જેથી તેમને ખબર પડેલી.

(૧૮.૩)... તેવી જ રીતે સાહેદ ચંપાબેન કે જેઓ ફરીયાદીના પત્ની છે અને તેઓ બનાવ સમયે ઘરે હાજર હતા તેમનો ઉપરોકત પુરાવો જોવામાં આવે તો તેઓએ પણ ફરીયાદીના જણાવ્યા મુજબની હકીકત તેમની સરતપાસમાં જણાવેલ છે. વધુમાં તેઓએ આરોપીઓ પકડાયેલ હતા તે વખતે તેમને પોલીસ કચેરીએ બોલાવેલા અને ત્યાંથી મામલતદાર સાહેબ પાસે લઈ ગયેલ અને ત્યાં તેઓએ આરોપીઓને ઓળખાવેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ ઉલટતપાસમાં પણ કબુલ કરેલ છે કે, આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલી. આમ, ફરીયાદી તથા સાહેદ ચંપાબેનને પોલીસના જણાવ્યા બાદ તે જ આરોપીઓ હતા તે બાબતે જાણ થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી હોય ફરીયાદી તથા સાહેદના પુરાવા પરથી હાલના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ અમારુ માનવુ છે.

Sessions Court, Amreli

(૧૯)... ફરીયાદપક્ષ તરફે આરોપીઓની ઓળખ પરેડ કરાવનાર **એકઝી. મેજી. શ્રી યશોધર મહેન્દ્રભાઈ જોષી (સાહેદ નં.૨૦, આંક–૪૯)** નો પુરાવો રજુ થયેલ છે. જેઓને અમરેલી સીટી પો. સ્ટે. તરફથી ઓળખ પરેડ માટેની યાદી મળતા તેમણે તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ ઓળખ પરેડ માટે સમય આપેલ હતો અને સાહેદ ચંપાબેન નાથાભાઈએ આરોપીઓને ઓળખી બતાવતા ઓળખ પરેડની કાર્યવાહી પુર્ણ કરેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રી એ આ સાહેદની વિગતવાર ઉલટતપાસ કરી ઓળખ પરેડની કાર્યવાહીની કાયદેસરતાને પડકારેલ છે.

(૧૯.૧)... આમ, આ ઓળખ પરેડનું પંચનામું કરનાર એકઝી. મેજી. શ્રીએ ફરીયાદીના પત્ની સાહેદ ચંપાબેન દ્વારા આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ હોવાનો વિગતવારનો પુરાવો આપેલ છે તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટતપાસ લીધેલ છે, જેમાં આ સાહેદે કરેલ કાર્યવાહીને લગતી કોઈ વિપરીત કે વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ નથી. <u>પરંતુ સાહેદ ચંપાબેન તેમના પુરાવા દરમ્યાન ઉલટતપાસના પેરા–૪ માં એવી હકીકત કબુલ રાખે છે કે, પોલીસે આરોપીઓને પકડયા ત્યારે તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા તેમજ આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલી.</u> આમ, ઓળખ પરેડ બાબતે સાહેદ ચંપાબેન કે જેઓ બનાવ નજરે જોનાર સાહેદ છે તેઓના જણાવ્યા મુજબ ઓળખ પરેડ અગાઉ જયારે પોલીસે તેમને આરોપીઓ બતાવેલ હોય તેવા સંજોગોમાં ઓળખ પરેડ અંગેનો પુરાવો ભા.પુ.અ.મુજબ ગ્રાહય રાખી શકાય નહી. બચાવપક્ષના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં **(2023) 1 Supreme Court Cases 180, Gireesen Nair and Others V/s State of Kerala** નો ચુકાદો રજુ કરેલ છે જેમાં **નામ. સુપ્રિમકોર્ટે** એવુ

Sessions Court, Amreli

ઠરાવેલ છે કે,

*''ભા.પુ.અ.ની કલમ ૯ મુજબ ઓળખપરેડ અંગેનો પુરાવો ગ્રાહય રાખી શકાય છે પરંતુ તે મુળભુત પ્રકારનો પુરાવો ગણી શકાય નહી તેને બદલે આવા પુરાવાને સમર્થનકારક પુરાવા તરીકે ગણી શકાય, પરંતુ જો ઓળખપરેડ અગાઉ આરોપીઓને પોલીસે સાક્ષીને બતાવી દીધેલ હોય તેવી કોઈ શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં આવા પુરાવાને ગ્રાહય રાખી શકાય નહી અને આવા સંજોગોમાં ઓળખપરેડનો પુરાવો નિરર્થક બને છે.''*

આમ, ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત મુજબ હાલના કેસમાં પણ જયારે ફરીયાદીના પત્ની સાહેદ ચંપાબેન ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખતા હોય કે, પોલીસ સ્ટેશનમાં આરોપીઓની ધરપકડ કર્યા બાદ તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા તેમજ આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલી હતી તેવા સંજોગોમાં ઓળખ પરેડનો પુરાવો હાલના કેસના ન્યાય નિર્ણય દરમ્યાન ધ્યાને લઈ શકાય નહી.

Sessions Court, Amreli

(૨૦)... ફરીયાદપક્ષ તરફે **સાહેદ દામજીભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયાને (સાહેદ નં. ૦૭, આંક–૨૫)** થી તથા **સાહેદ સવિતાબેન દામજીભાઈ મીરોલીયાને (સાહેદ નં.૧૪, આંક–૩૬)** થી તથા **સાહેદ ગોકળભાઈ મનજીભાઈ મીરોલીયાને (સાહેદ નં.૧૫, આંક–૩૭)** થી તપાસવામાં આવેલા છે. ઉપરોકત સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવ બન્યા બાદ પાછળથી ફરીયાદીના ઘરે ગયેલા છે અને તેઓને ફરીયાદી તથા સાહેદ ચંપાબેને બનાવ સંબંધેની હકીકત જણાવેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં સાહેદ દામજીભાઈ તથા ગોકળભાઈએ પણ તેમની ઉલટતપાસમાં

એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી. વધુમાં સાહેદ સવિતાબેનનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં તેઓ કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખી બતાવે છે. પરંતુ તેઓએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ચોરોને તેઓએ જોયેલા તે વખતે રાત્રીનો સમય હતો અને તેઓને પાછળના ભાગેથી જ જોયેલા હતા તે સિવાય દેખાયેલા ન હતા અને આરોપીઓને પોલીસ તેમના ઘરે લાવેલા હોવાથી તેઓને ઓળખે છે. જે તે વખતે તેઓએ તેમના ચહેરા જોયેલા ન હતા. આમ, ઉપરોકત સાહેદો એ હીયર્સે વીટનેસ છે. તેઓએ બનાવ નજરે જોયેલ નથી.

(૨૦.૧)... ફરીયાદપક્ષ તરફે **સાહેદ આશિષભાઈ જગદીશભાઈ લીંબાસીચાને (સાહેદ નં.૧૬, આંક–૩૮)** કે જેઓ ખોડીયાર એગ્રો કેમીકલ્સ નામની દુકાનામાં ચોરી થયેલ તે દુકાનના માલિક છે તેઓને તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની દુકાનમાંથી રોકડા રૂા.૩૮,૮૦૦/– તથા એલ.સી.ડી. તથા ડી.વી.આર. ની ચોરી થયેલ હોવાનુ જણાવેલ છે તેમજ ચારીમાં ગયેલ અકાઈ કંપનીનુ ટી.વી. ઓળખી બતાવે છે. પરંતુ સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમજ તેમના પુરાવા પરથી હાલના આરોપીઓના કોઈ નામ કે હાલના આરોપીઓએ જ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત લેશમાત્ર જણાય આવતી નથી.

(૨૦.૨)... ફરીયાદપક્ષ તરફે **સાહેદ નરસિંહભાઈ મોહનભાઈ દેસાઈને (સાહેદ નં.૦૮, આંક–૨૬)** થી તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓ રાત્રીના સમયે તેમના ખેતરે સુતા હતા અને ફરીયાદી તથા તેમના પત્ની તેમના મકાનમાં સુતા હતા અને અવાજ આવતા તેઓ બધા બહાર નીકળેલા જેથી તેઓ તેમના ઘરે ગયેલા અને ત્યારે બે ભાઈઓ જણાવતા



Sessions Court, Amreli

હતા કે કોઈક આવેલુ હતુ અને તે લોકો જતા રહેલા હતા અને ત્યારબાદ તેઓ તેમના ઘરે જતારહેલા અને આ બનાવામાં કોને, કેવી રીતે, શું ઈજા થયેલ અને કોણે કરેલ તેની તેમને માહિતી નથી તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવેલ ન હોય એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતે ઉલટ તપાસ કરવા છતા ફરિયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, ઉપરોકત સાહેદોના પુરાવા પરથી હાલના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી.

(૨૧)... ફરીયાદપક્ષ તરફે તપાસેલા **સાહેદ જયદિપભાઈ મહેન્દ્રભાઈ ધાનક (સાહેદ નં.૨૪, આંક–૬૯)** નો પુરાવો જોવામાં આવે તો તેઓ એમ. વિઠ્ઠલદાસ જવેલર્સ નામની દુકાન ધરાવે છે અને તેઓએ પોલીસે દાગીનાની વેલ્યુએશન માટે પોલીસ સ્ટેશને બોલાવેલ હોય અને તેઓએ માત્ર દાગીનાનુ વેલ્યુશેઅન કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં તેઓએ ઉલટતપાસમાં પણ એ હકીકત કબુલ રાખેલ છે કે, આ ચાંદીના દાગીના પોલીસે ચોકકસ કંઈ વ્યકિત પાસેથી લીધેલ હતા તે તેમને ખ્યાલ નથી. આમ, સદર સાહેદના પુરાવા પરથી હાલના બનાવ સંબંધેની કોઈ હકીકત જણાય આવતી ન હોય તેઓનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થઈ શકે તેમ નથી.

(૨૨)... ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ વાળુ આરોપીઓની અંગઝડતી તપાસ કર્યાનુ તથા આરોપીઓને અટક કર્યાનુ પંચનામું સાબિત કરવા **પંચસાહેદ વાહીદભાઈ મહમદભાઈ મલેકને (સાહેદ નં.૪, આંક–૨૧)** થી તથા



Sessions Court, Amreli

**પંચસાહેદ અનકભાઈ લોમભાઈ વાળાને (સાહેદ નં.૫, આંક–૨૩)** થી તપાસેલા છે અને ઉપરોકત પંચસાહેદોએ પંચનામામાં ફકત તેમની સહી ઓળખી બતાવેલ છે અને તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નહીં હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત પંચસાહેદોએ આંક–૨૨ વાળા પંચનામાંની હકીકતને સમર્થન આપેલ ન હોય સદર પંચોને એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતે ઉલટ તપાસ કરવા છતા ફરિયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, સદર પંચોની જુબાની ધ્યાને લેતા તેમણે તૈયાર પંચનામામાં ફકત સહી કરેલ હોવાનું ફલીત થાય છે. આમ, આંક–૨૨ વાળા પંચનામાંની હકીકત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય ઉપરોકત પંચનામું તથા પંચસાહેદોની જુબાની ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

Sessions Court, Amreli

(૨૩)... ફરીયાદપક્ષ તરફે આંક–૨૮ વાળુ આરોપીઓને અટક કર્યાનુ તથા તેમની પાસેથી કબજે લીધેલ મુદ્દામાલની ખરાઈ કર્યા અંગેનુ પંચનામું સાબિત કરવા **પંચસાહેદ ગુલુભાઈ જમાલભાઈ જાખરાને (સાહેદ નં.૯, આંક–૨૭)** થી તથા **પંચસાહેદ પરેશભાઈ નાનજીભાઈ મહેડાને (સાહેદ નં.૧૦, આંક–૨૯)** થી તપાસેલા છે તેમજ આંક– ૩૨ વાળુ ડિસ્કવરી પંચનામું સાબિત કરવા **પંચસાહેદ ભાવિનભાઈ મનસુખભાઈ વઘાસીયાને (સાહેદ નં.૧૧, આંક–૩૧)** થી તપાસેલા છે અને ઉપરોકત પંચસાહેદોએ પંચનામામાં ફકત તેમની સહી ઓળખી બતાવેલ છે અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનુ અને પંચનામામાં શું લખેલ હતુ તેની તેમને ખબર નહી હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત પંચસાહેદોએ આંક–૨૮ તથા આંક– ૩૨ વાળા પંચનામાંની હકીકતને સમર્થન આપેલ ન

હોય સદર પંચોને એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતે ઉલટ તપાસ કરવા છતા ફરિયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, સદર પંચોની જુબાની ધ્યાને લેતા તેમણે તૈયાર પંચનામામાં ફકત સહી કરેલ હોવાનું ફલીત થાય છે. આમ, આંક–૨૮ તથા આંક–૩૨ વાળા પંચનામાંની હકીકત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય ઉપરોકત પંચનામું તથા પંચસાહેદોની જુબાની ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

(૨૪)... ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ વાળુ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું સાબિત કરવા **પંચસાહેદ રઘુવીરસિંહ અણદુભા સરવૈયાને (સાહેદ નં.૨, આંક –૧૫)** થી તેમજ આંક–૧૮ વાળુ ફરીયાદીની શરરી સ્થિતિનુ પંચનામું સાબિત કરવા **પંચસાહેદ અરવિંદસિંહ ગોવિંદસિંહ બસનને (સાહેદ નં.૩, આંક–૧૭)** થી તેમજ આંક–૩૨ વાળુ ડિસ્કવરી પંચનામું સાબિત કરવા **પંચસાહેદ ભાવેશભાઈ પરશોતમભાઈ બાબરીયાને (સાહેદ નં.૧૨, આંક–૩૩)** થી તેમજ આંક–૩૫ વાળુ ઓળખ પરેડ પંચનામું સાબિત કરવા **પંચસાહેદ વિકાસભાઈ ગોપાલભાઈ સાંગાણીને (સાહેદ નં.૧૩, આંક–૩૪)** થી તપાસવામાં આવેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ પંચનામાંને સમર્થનકારી હકીકત તેમની સરતપાસમાં જણાવેલ છે. પરંતુ બચાવપક્ષની ઉલટતપાસમાં ડીનાયલ સ્વરૂપે ઉલટતપાસ કરી તેમના પુરાવાને પડકારેલ છે. વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે તપાસેલા ફરીયાદી તેમજ સાહેદ ચંપાબેન કે જેઓ આ કામે મહત્વના સાહેદો છે તેઓના પુરાવા પરથી જ હાલના આરોપીઓએ આંક–૦૯ ના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવાનુ સાબિત થતુ ન હોય

Sessions Court, Amreli

ત્યારે ફકત પંચસાહેદોની જુબાનીને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૨૫)... વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ ડો.ચંદ્રાવલીબેન અશ્વિનકુમાર પંડયાને (સાહેદ નં.૧૭, આંક–૩૯)** થી તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદી તથા સાહેદ ચંપાબેનની સારવાર કરેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે ફરીયાદી નાથાભાઈ લક્ષ્મણભાઈ મીરોલીયાએ તેમના રુબરુ આપેલ હીસ્ટ્રીમાં જણાવેલ છે કે,

*''આજે રાત્રે ૩–૩૦ વાગ્યે ત્રણ આદીવાસી ઘરમા ચોરી કરવા દીવાલ ઠેકીને ઘુસ્યા, મે માથે ગોદડુ ઓઢેલ હતુ અને ઉંઘમા હતો ત્યારે બે જણ માથે બેસી ગયા, ત્રીજાએ કંઈક ઈંટ, હથોડી કે પાવડો કે ડીસમીસ જેવુ કંઈક માર્યુ છે.''*

તેવી જ રીતે સાહેદ ચંપાબેન નાથાભાઈ મીરોલીયાએ તેમના રુબરુ આપેલ હીસ્ટ્રીમાં જણાવેલ છે કે,

*''આજે રાત્રે ૩–૩૦ વાગ્યે ત્રણ જણાં આદીવાસી ચોરી કરવા ઘુસતા મને મારી ખાટલેથી નીચે નાખી વાળ પકડીને ઢસડી છે, માથે કંઈક મારતા મે બચવા હાથ આડા રાખતા હાથે તથા માથે વાગેલ છે.''*

આમ, ઉપરોકત હકીકત નજરે ફરીયાદી તથા સાહેદ ચંપાબેને ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં હાલના આરોપીઓએ તેઓને ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી કે હાલના આરોપીઓના કોઈ નામ પણ જણાય આવતા નથી. વધુમાં આંક–૪૧ આંક–૪૪ થી રજુ થયેલ એમ.એલ.સી. સર્ટીફીકેટ જોતા પણ હાલના આરોપીઓ વિરુધ્ધની કોઈ

Sessions Court, Amreli

હકીકત જણાય આવતી નથી. જેથી હાલના આરોપીઓએ જ ફરીયાદીને કે સાહેદ ચંપાબેનને ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવા પરથી માની શકાય તેમ નથી.

(૨૬)... ફરિયાદપક્ષે રજુ થયેલ **પોલીસ સાહેદોનો** પુરાવો ધ્યાને લઈએ તો **સાહેદ મહેશભાઈ દિનેશભાઈ સરવૈયા (સાહેદ નં.૧૮, આંક –૪૬)** તથા **સાહેદ વિજયકુમાર વશરામભાઈ ગોહીલ (સાહેદ નં.૧૯, આંક–૪૭)** તથા **સાહેદ ધવલભાઈ ચંદુભાઈ સાકરીયા (સાહેદ નં.૨૨, આંક–૫૨)** તથા **ત.ક.અ. ગંભીરસિંહ નાથુભાઈ કાઠીયા (સાહેદ નં.૨૩, આંક–૬૨)** તથા **ત.ક.અ. પ્રશાંતભાઈ બાબુભાઈ લકકડ (સાહેદ નં.૨૧, આંક–૫૧)** નાઓને તપાસવામાં આવેલ છે. જે પૈકી **સાહેદ મહેશભાઈ તથા વિજયકુમારનો** પુરાવો જોઈએ તો તેઓએ સી.આર.પી.સી. કલમ – ૪૧(૧)(ડી) મુજબનો રીપોર્ટ તૈયાર કરેલ અને અમરેલી રૂરલ પો. સ્ટે. ના પી. આઈ. શ્રીને રીપોર્ટ તથા મુદામાલ સાથે આરોપીઓને સોપેલાનુ જણાવે છે અને તેમના પુરાવામાં આંક–૪૮ થી દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે. તે જ રીતે **સાહેદ ધવલભાઈનો** પુરાવો જોવામાં આવે તો તેઓએ હાલના ગુનાની ફરીયાદ દાખલ કરેલી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ જરુરી પંચનામાં કરેલા તેમજ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી કાંટીયા સાહેબને સોંપેલાનુ જણાવે છે. તે જ રીતે **ત.ક.અ.શ્રી ગંભીરસિંહ નાથુભાઈ કાઠીયા** તથા **ત.ક.અ.શ્રી પ્રશાંતભાઈ બાબુભાઈ લકકડ**નાઓનો પુરાવો જોઈએ તો આ સાહેદે ગુનાની તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરેલ છે અને સાહેદ ગંભીરસિંહ નાથુભાઈ કાઠીયાનોઓએ તેમના પુરાવામાં આંક–૬૩ થી આંક–૬૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ

Sessions Court, Amreli

થયેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં **સાહેદ ધવલભાઈ**એ સ્વીકારેલ છે કે, આ કામે ફરીયાદ લેનાર અને તપાસ કરનાર તેઓ છે તેમજ તેમની તપાસ દરમ્યાન કોઈ પણ આરોપીઓના નામ કે વિગતો ખુલેલી ન હતી. તેમજ **સાહેદ ગંભીરસિંહ**એ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીઓ પાસેથી કોઈ મુદામાલ તેઓએ કબજે કરેલ નથી.

(૨૬.૧)... આમ, ઉપરોકત પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમની ફરજ દરમ્યાન તથા હાલના ગુનાની તપાસ દરમ્યાન કરેલ જરુરી કામગીરીનો અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલાની હકીકત અંગેનો પુરાવો આપેલ છે.

Sessions Court, Amreli

(૨૭)... આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષના કેસ મુજબ હાલનો બનાવ બનેલ હોવાનું જણાય આવે છે તેમજ ફરીયાદી તથા સાહેદ પૈકી સાહેદ ચંપાબેને આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે, પરંતુ સાહેદ ચંપાબેને તેમની જુબાનીની ઉલટતપાસમાં પોલીસે આરોપીઓને પકડયા ત્યારે તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા અને આરોપીઓની ઓળખાણ પોલીસે કરાવેલ હોવાનું કબુલ રાખેલ છે. જેથી આવા સંજોગોમાં આરોપીની ઓળખ અંગે શંકા ઉદભવે છે. આમ, બનાવ વખતે આ કામના આરોપીઓએ જ એકબીજાની મદદગારીથી આંક-૦૯ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અથવા તો આરોપીઓની સદરહું ગુનામાં પ્રત્યક્ષ અગર તો પરોક્ષ સંડોવણી હોય તેવો સ્પષ્ટ અને સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે મામલતદારશ્રી રૂબરૂની ઓળખપરેડ દરમ્યાન સાહેદ ચંપાબેને આરોપી

ઓને ઓળખી બતાવેલ છે અને સદરહુ ઓળખપરેડ પણ ઉપર ચર્ચા કર્યા મુજબ શંકાસ્પદ છે. તેવા સંજોગોમાં હાલના આરોપીઓની ગુનામાં સંડોવણી હોય તેવું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય ત્યારે પોલીસ અધિકારીઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલી કામગીરી સ્વરૂપના પુરાવાને પુરતો અને પર્યાપ્ત પુરાવો માનીને આરોપીઓને તકસીરવાન ઠેરવવા ન્યાયોચિત ગણાય નહી. જેથી આ પોલીસ સાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને સંપુણપણે મદદકર્તા પુરાવો બનતો નથી તેમ હું માનું છું.

(૨૮)... આ તબકકે મેં નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓ દ્વારા પ્રસ્થાપિત થયેલ પાયાના સિધ્ધાંતોને ધ્યાને લીધેલ છે. નામ. સુપ્રિમકોર્ટે ઠરાવી આપ્યા મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકારહિત સાબિત કરવાની જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. આરોપીએ ગુનો કર્યો છે અને ગુનો કર્યો હશે તે બંને વચ્ચે ઘણુંજ લાંબું અંતર છે. ક્ષતિયુકત પુરાવો એ ક્ષતિમુકત પુરાવાનું સ્થાન લઈ શકતો નથી. ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.**નામ.સુપ્રિમ *કોર્ટે ૨૦૦૪- જી.એલ.એચ.એલ.ઈ.- સુપ્રિમકોર્ટ -૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટર*** ના ચુકાદામાં નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને "may be true " અને "must be true" વચ્ચેનો

Sessions Court, Amreli

તફાવત છે. હાથ ઉપરના કેસમાં પણ પડેલ પુરાવાનું મુલ્યાંકન, પૃથ્થકરણ અને પરિક્ષણ કરતાં મારા નમ્ર અભિપ્રાય મુજબ આરોપીઓ સામેનું તહોમતદનામું શંકારહિત, સચોટ અને સંપુર્ણ પુરાવાથી પુરવાર થતું નહોઈ આરોપીઓને છોડી મુકવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી.

(૨૯)... ઉપરના તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં આ કામમાં ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાને બારીકાઈથી અને કાળજીપુર્વક વિચારણામાં લેતાં આ કામના આરોપીઓ સામેનું તહોમતનામું શંકારહિત સંપુર્ણ અને સચોટ પુરાવાથી સાબિત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ રહેલ છે અને જેથી તમામ પુરાવાની છણાવટના અંતે હું **મુદ્દા નં. ૧ નો** નિર્ણય **નકારમાં** આપી **મુદ્દા નં. ૨** પરત્વે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકતો નીચે મુજબનો છેવટનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં પસાર કરૂં છું.

**<u>-:: હુ ક મ :: -</u>**

- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપી નં.૧ કમલેશભાઈ સ./ઓ. દલુભાઈ હકરાભાઈ સીંગાર તથા આરોપી નં.ર દિવાન સ./ઓ. રેમસિંહ મુનસીયા મોહનીયા નાઓને તેમની સામે નોંધાયેલ **અમરેલી રૂરલ પો. સ્ટે. ગુના રજી. નં.૧૧૧૯૩૦૦૪૨૨૦૭૭૨/૨૦૨૨ થી ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૯૩, ૫૧૧, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૧૨૦(બી), ૩૪, ૧૧૪**



Sessions Court, Amreli

મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી **શંકાનો લાભ આપી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તેઓની બીજા કોઈ ગુનાના કામે જરૂરીયાત ન હોય તો હાલના ગુનાના કામે તુરત જ જેલમુકત કરવા જરૂરી યાદી/વોરંટ જારી કરવું.
- મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ AKAI કંપનીનુ ટી.વી. તથા તેલનો ડબ્બો છે તે તેના કાયદેસરના માલિકને માલિકી અંગે ખરાઈ કરીને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આંકે પાડેલ ન હોય તેવા તમામ દસ્તાવેજો ક્રિમીનલ મેન્યુઅલ પારા ૩૪૯ મુજબ પોલીસને પરત કરવા.
- **<u>પ્રત્યેક</u>** આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો એક સ્થાનિક સધ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો દિન–૩ માં ભરી આપવાનો રહેશે.
- જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૧૯ માહે જુલાઈ, સને ૨૦૨૪** નારોજ ખુલ્લી અદાલત મધ્યે વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યા.

તારીખઃ– ૧૯–૦૭–૨૦૨૪
અમરેલી.

**(રીઝવાના બુખારી)**
**સેશન્સ જજ,**
**અમરેલી.**
Judge Code GJ00916

Sessions Judge
Amreli.

Sessions Court, Amreli